# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી બિહારની મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાનો શુભારંભ કરાવ્યો.
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ભૂ-વિજ્ઞાન પુરસ્કાર 2024 એનાયત કર્યા.
3. ભારતીય વાયુસેનાએ ચંદીગઢમાં મિગ-૨૧ વિમાનને રાષ્ટ્રની સેવામાં છ દાયકા બાદ વિદાય આપી.
4. કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ દેશમાં 98 હજાર સ્થળોએ BSNLના 4G ટાવર સ્થાપવાની જાહેરાત કરી.
5. એશિયા કપ ક્રિકેટમાં આજે ભારત અને શ્રીલંકા વચ્ચે દુબઈમાં મુકાબલો.

………………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM-BIHAR YOJANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીથી વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા બિહારની મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાનો શુભારંભ કરાવ્યો. શ્રી મોદીએ બિહારની 75 લાખ મહિલાઓના બેંક ખાતામાં દરેકને 10 હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા. આ યોજનાનો ઉદ્દેશ સ્વરોજગાર અને આજીવિકાની તકો દ્વારા મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો છે.

આ પ્રસંગે શ્રી મોદીએ કહ્યું કે જ્યારે કોઈ મહિલા રોજગાર મેળવે છે ત્યારે તે તેના સપનાઓને નવી પાંખો આપે છે.

**(બાઇટ : PM-ON-BIHAR-KI-BETI)**

શ્રી મોદીએ કેન્દ્ર સરકારની મુદ્રા યોજના , ડ્રોન દીદી અભિયાન , વીમા સખી અભિયાન અને બેંક દીદી અભિયાન દેશભરની મહિલાઓ માટે રોજગાર અને સ્વરોજગારની તકો ઉભી કરી રહી છે તેના પર ભાર મૂક્યો.

**(બાઇટ : PM--JANDHAN-YOJNA)**

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલી વાતચીત પણ કરી.

. . . . . . . . . . . .

# PREZ- GEOSCIENCE AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય ભૂ-વિજ્ઞાન પુરસ્કારો 2024 એનાયત કર્યા. રાષ્ટ્રીય ભૂ-વિજ્ઞાન પુરસ્કાર ભૂ-વિજ્ઞાન ક્ષેત્રે દેશના સૌથી જૂના અને સૌથી પ્રતિષ્ઠિત સન્માનોમાંનો એક છે.

પુરસ્કાર વિજેતાઓને અભિનંદન આપતા સુશ્રી મુર્મુએ કહ્યું કે , આ પુરસ્કારો ભૂ-વિજ્ઞાન ક્ષેત્રે તેમની પ્રતિબદ્ધતા , નવીનતા અને શ્રેષ્ઠતાને માન આપવા માટે આપવામાં આવે છે. તેમણે તેના પર પણ ભાર મૂક્યો કે ખનિજોએ માનવ સભ્યતાના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી છે અને ઉદ્યોગો માટે પાયો નાખ્યો છે. રાષ્ટ્રપતિએ ઉમેર્યું કે કોલસા અને લોખંડ વિના ઔદ્યોગિકીકરણની કલ્પના કરી શકાતી નથી.

. . . . . . . .

# RAJNATH-MIG 21

ભારતીય વાયુસેનાએ આજે ચંદીગઢમાં મિગ-૨૧ વિમાનને રાષ્ટ્રની સેવામાં છ દાયકા બાદ વિદાય આપી. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં આ વિમાનને સેવાનિવૃત્ત કરવામાં આવ્યું.

એર ચીફ માર્શલ એપી સિંહે સ્ક્વોડ્રનની છેલ્લી ઉડાન બાદલ ૩ સાથે ઉડાવી હતી. ચીન-ભારત યુદ્ધ પછી ૧૯૬૩માં ભારતીય વાયુસેનામાં સામેલ કરાયેલ , મિગ ૨૧ દેશનું પ્રથમ સુપરસોનિક ફાઇટર જેટ હતું. આ વિમાને ૧૯૬૫ અને ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. આ વિમાને પાકિસ્તાની વાયુસેનાને ગંભીર નુકસાન પહોંચાડ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MANSUKH MANDAVIYA PORBANDAR

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા આજે પોરબંદરમાં આયોજિત આત્મનિર્ભર ભારત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. જિલ્લાની પોરબંદરની ડૉક્ટર વિ. આર. ગોઢાણિયા મહાવિદ્યાલય ખાતે યોજાયેલા કાર્યક્રમમાં શ્રી માંડવિયાએ વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત લોકોને આત્મનિર્ભર ભારત તથા વસ્તુ અને સેવા કર – GST સુધારણા વિષય અંગે સંબોધિત કર્યા. આત્મનિર્ભર ભારતથી દેશના લોકોનું જીવનધોરણ કઈ રીતે આગળ આવશે તેનું માર્ગદર્શન પણ તેમણે આપ્યું.

શ્રી માંડવિયા અતિથિ ગૃહમાં શહેરના આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે. ત્યારબાદ સુભાષનગર ગામની પ્રાથમિક શાળામાં સેવા પખાવાડિયા અંતર્ગત આયોજિત આરોગ્ય શિબિરમાં ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# GST REFORMS- MULTIPLE SECTOR

આગામી પેઢીના GST સુધારા ભારતની પરોક્ષ કર પ્રણાલીને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. 22 સપ્ટેમ્બરથી લાગુ કરાયેલા આ GST સુધારાઓનો હવે લોકો લાભ મેળવી શકે છે.

નવા માળખા હેઠળ, GST પરિષદે અગાઉના ચાર-સ્તરીય માળખા 5 ટકા , 12 ટકા, 18 ટકા, 28 ટકાને 5 ટકા અને 18 ટકાના બે સ્તરીય માળખામાં સરળ બનાવ્યું છે. આ સુધારા નાગરિકોને નોંધપાત્ર રાહત આપી રહ્યા છે.

સાંભળીએ એક અહેવાલ...

**(વોઇસ કાસ્ટ : NITIKA)**

. . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# NDMA-FORMATION DAY

કેન્દ્રિય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું કે દેશમાં ચક્રવાત અને વીજળી માટે અદ્યતન પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ વિકસવાથી દેશભરમાં હજારો લોકોના જીવ બચ્યા છે.

નવી દિલ્હીમાં રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના **21**મા સ્થાપના દિવસમાં સંબોધન કરતાં તેમણે કહ્યું કે આજે સચોટ આગાહીઓ અને સમયસર સ્થળાંતરને કારણે માનવ જાનહાનિ શૂન્ય થઈ છે. શ્રી રાયે જણાવ્યું હતું કે સરકાર રાષ્ટ્રને સુરક્ષિત અને વધુ આપત્તિ-સ્થિતિસ્થાપક બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . . . . . .

# NADDA - FOOD SAFETY

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે. પી. નડ્ડાએ ખાદ્ય સુરક્ષાના ફક્ત પાલન વિશે જ નહીં પરંતુ વૈશ્વિક ખાદ્ય પ્રણાલીમાં વિશ્વાસ બનાવવા ઉપર ભાર મૂક્યો છે. શ્રી નડ્ડાએ આજે નવી દિલ્હીમાં ભારતીય ખોરાક અને ઔષધ નિયમન તંત્રના વૈશ્વિક ખોરાક નિયમન સમેલનના ત્રીજા સંસ્કરણનું ઉદ્ઘાટન કરતાં આમ જણાવ્યુ હતું. તેમણે ખાદ્ય સુરક્ષા અને પોષણ સુખાકારી સુનિશ્ચિત કરવા માટે નિષ્ણાત નિયમનકારો, વૈજ્ઞાનિકો અને નીતિ નિર્માતાઓના વૈશ્વિક જૂથને એકસાથે લાવવા બદલ ભારતીય ખોરાક અને ઔષધ નિયમન તંત્રની પ્રશંસા કરી. શ્રી નડ્ડાએ કહ્યું કે આ સમિટ આંતરરાષ્ટ્રીય સંવાદ અને નિયમનકારી નવીનતાને પ્રોત્સાહન આપવા માટેની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 126મી કડી હશે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકે છે. ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા **MyGov** પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકાશે. સૂચનો મોકલવાનો આજે અંતિમ દિવસ છે.

. . . . . . . . . . . . . . . . . . .

# PM-NAVRATRI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવરાત્રીના પાંચમા દિવસે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કામના કરી છે કે દેવી તેમના બધા ભક્તોને સુખ, સમૃદ્ધિ અને સૌભાગ્યથી આશીર્વાદ આપે , અને તેમનો પ્રેમાળ સ્નેહ દરેકના જીવનમાં નવી ઉર્જા અને ઉત્સાહનો સંચાર કરે.

. . . . . . . . . . . . . . . . .

## PM-MANMOHAN SINGH

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગસ્થ ડૉ. મનમોહન સિંહને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ જાહેર જીવનમાં તેમના લાંબા વર્ષો દરમિયાન રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને યાદ કર્યું.**

. . . . . . . . . . . . . .

# SCINDIA BSNL 4G (EARLY)

કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ દેશભરમાં લગભગ 98 હજાર જગ્યાઓ પર BSNL ના 4G ટાવર સ્થાપવાની જાહેરાત કરી છે. આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેની શરૂઆત કરાવશે.

નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતાં શ્રી સિંધિયાએ જણાવ્યું હતું કે 4 G ટાવર સરળતાથી 5G માં અપગ્રેડ થશે અને દેશનો કોઈપણ ભાગ તેનાથી બાકાત રહેશે નહીં. તેમણે ડિજિટલ ભારત નિધિ દ્વારા દેશના 100 ટકા 4 G સેચ્યુરેશન નેટવર્કનું પણ અનાવરણ કર્યું જેમાં લગભગ 30 હજાર ગામડાઓને જોડવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# ASIA CUP CRICKET

એશિયા કપ ક્રિકેટમાં આજે દુબઈમાં સુપર ફોર મેચમાં ભારત શ્રીલંકા સામે રમશે.

દરમ્યાન પાકિસ્તાન એશિયા કપ ક્રિકેટની ફાઇનલમાં પહોંચી ગયું છે. દુબઈમાં સુપર ફોર મેચમાં પાકિસ્તાને ગઈકાલે બાંગ્લાદેશને અગિયાર રનથી હરાવ્યું. રવિવારે ફાઇનલમાં પાકિસ્તાનનો મુકાબલો ભારત સામે થશે. એશિયા કપના 17 આવૃત્તિઓમાં પહેલી વાર ભારત અને પાકિસ્તાન ફાઇનલમાં એકબીજા સામે ટકરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IND-EU TRADE AGREEMENT

ઇટાલીના નાયબ પ્રધાનમંત્રી  એન્ટોનિયો તાજાનીએ ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે મુક્ત વેપાર કરારના વહેલા નિષ્કર્ષ માટે તેમના દેશને સમર્થન આપવાની પુષ્ટિ આપી છે.

વિદેશમંત્રી ડો. એસ. જયશંકર અને વાણિજ્યમંત્રી પીયૂષ ગોયલ સાથે મુલાકાત બાદ, શ્રી તાજાનીએ કહ્યું કે, ઇટાલી અને ભારત એક વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે. વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે આ અંગે કહ્યું કે તેઓએ ભૂમધ્ય , મધ્ય પૂર્વ, યુક્રેન અને હિન્દ મહાસાગરના વિકાસ પર ચર્ચા કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . .